ક્રિમી.પ.અ.નં.૧૦૭/૨૦૨૫

**-:: અરજી લગત હુકમ ::-**

**બી.એન. એસ.એસ.૨૦૨૩ ની કલમ- ૪૯૭ મુજબ બેંકમાં ફ્રીઝ થયેલ રકમ મુકત કરવવાની અરજી લગત હુકમ :-**

(૧) સદર કામે અરજી વંચાણે લીધી. અરજદાર તર્ફે વિ.વ.શ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. વધુમાં દસ્તાવેજો તથા રજુ થયેલ પોલીસ અભિપ્રાય વંચાણે લીધો.

(૨) અરજીની ટુકમાં હકીકત એવી છે કે , અરજદાર ભાવીનકુમાર મનહરભાઈ પટેલ રહે. મુ. લીબંડીયા, તા. ખાનપુર,જી.મહીસાગર નાઓનુ એચડીએફસી બેંક ના ખાતા નંબર- ૫૦૧૦૦૩૩૪૬૦૦૮૦૦ માંથી રૂ.૮,૫૦૦/- ઉપડી ગયેલા જે બાબતે અરજદારે સાઈબર હેલ્પ લાઈન નંબર ૧૯૩૦ પર કાનુની મદદ માંગતા અરજી નંબર - ૩૧૧૦૯૨૫૦૧૭૪૩૭૫ થી નોધાયેલ અને સાઈબર ક્રાઈમ સેલ ધ્વારા સામાવાળા ના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ના ખાતા નંબર- ૪૪૩૯૪૨૬૬૦૩૩ માં રૂ. ૮,૫૦૦/- ગયેલા, જે નાણાં સાઈબર ક્રાઈમ પોલીસ ધ્વારા ફ્રીઝ કરેલ હોય અને બેંકમાં પડી રહેલ હોય આ નાણાં અરજદારના ખાતામાં પરત અપાવવા તથા આ ગુનાની એફ.આઈ. આર.થયેલ નહી હોવાનુ જણાવી મંજુર કરવા અરજ કરેલ છે.

(૩) કોર્ટ ધ્વારા સાઈબર ક્રાઈમનો અભીપ્રાય મંગાવતાં સાઈબર ક્રાઈમ પો.સ્ટે. જાવક નંબર ૬૪૦/૨૬ થી પી.આઈ. સાઈબર ક્રાઈમ મહીસાગર નાઓ ધ્વારા લેખીત અભિપ્ર ાય આપેલ છે. જેની અંદર અરજદારના નાણાં કુલ રૂ. ૮,૫૦૦/- ફ્રીઝ કરેલ હોવાનુ તથા સામાવાળા ના શંકાસ્પદ એકાઉન્ટ સીઝ કરેલ હોવાાનુ તથા સીઝ કર્યા બાદ પોલીસ સમક્ષ સામવાળા કે અન્ય કોઈ વ્યકિત ધ્વારા વાંધા તકરાર કોઈ રજુ થયેલ નહી હોય રૂપીયા અરજદારને પાછા આપવા સબંધેનો અભિપ્રાય આપેલ છે.

(૪) અરજદાર ધ્વારા અરજી સાથે સાઈબર ક્રાઈમ પો.સ્ટે. માં અરજી કરેલ તેની નકલ રજુ કરેલ છે. બેંક એકાઉન્ટની ચોપડી ની નકલ રજુ કરેલ છે તથા આધારકાર્ડની નકલ રજુ કરેલ છે. અરજદારની અરજી તથા પી.આઈ.શ્રી. સાઈબર ક્રાઈમ પો.સ્ટે.લુણાવાડા,જી. મહીસાગર નાઓનો અભિપ્રાય ધ્યાને લેતાં અરજદારના અરજીમાં જણાવેલ ખાતામાંથી રૂ. ૮,૫૦૦/– ઉપડી ગયેલ હોવાનુ જણાઈ આવેલ છે તથા પોલીસ ધ્વારા આ રકમ સામાવાળા ના ખાતામાં જમા થતાં ફ્રીઝ કરેલ હોવાનુ અને આ રકમ સબંધે કોઈ વાંધો વિરોધ કે તકરાર કે ફરીયાદ કે અરજી થયેલ નહી હોવાનુ લેખીતમાં જણાવેલ હોય અને અરજદારને આ રકમ વાપર ઉપયોગમાં વંચીત કરવામાં આવે તો ન્યાયીક જણાઈ આવતુ નહી હોઈ શરતોને આધીન અરજી સબંધે ન્યાયીક હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

- અરજદાર ભાવીનકુમાર મનહરભાઈ પટેલ રહે. મુ. લીબંડીયા, તા. ખાનપુર,જી.મહીસાગર નાઓની હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.
- પી.આઈ.શ્રી. સાઈબર ક્રાઈમ પો.સ્ટે.લુણાવાડા,જી. મહીસાગર નાઓએ સામાવાળા ના સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ના ખાતા નંબર– ૪૪૩૯ ૪૨૬૬૦૩૩ માં રૂ. ૮,૫૦૦/– ગયેલા છે તે નાણાં સાઈબર ક્રાઈમ પોલીસ ધ્વારા ફ્રીઝ કરેલ હોય,તે નાણા અરજદાર ભાવીનકુમાર મનહરભાઈ પટેલ રહે. મુ. લીબંડીયા, તા. ખાનપુર,જી.મહીસાગર નાઓ તેઓની એચડીએફસી બેંક ના ખાતા નંબર– ૫૦૧૦૦૩૩૪૬૦૦૮૦૦ વાપરી શકે તે મુજબ ની કાર્યવાહી હુકમ થયાના દસ દિવસ ની અંદર બેંક માધ્યમ ની મદદથી પુર્ણ કરવી.

## ક્રિમી.પ.અ.નં.૧૦૭/૨૦૨૫

- આ નાણાં સબંધે આજદિન સુધી કોઈ તકરાર ઉપસ્થિત થયેલ નથી કે ફરીયાદ દાખલ થયેલ નથી. ભવીષ્યમાં કોઈ તકરાર ઉપસ્થિત થાય તો ફ્રીઝ કરેલ નાણા સબંધે અલગ થી બીજો કોઈ હુકમ કરવામાં આવે તો તે હુકમ આ કામના અરજદાર ભાવીનકુમાર મનહરભાઈ પટેલ રહે. મુ. લીબંડીયા, તા. ખાનપુર,જી.મહીસાગર નાઓને બંધનકર્તા રહેશે.
- અરજદારે ભવીષ્યમાં સંબંધીત ઉપસ્થિત થનાર તકરારના કામે ફ્રીઝ કરવામાં આવેલ રકમની દોઢી રકમના બોન્ડ પી.આઈ.શ્રી. સાઈબર ક્રાઈમ પો.સ્ટે.લુણાવાડા,જી. મહીસાગર, નાઓ સમક્ષ હુકમ થયાની જાણ થએથી વહેલી તકે રજુ કરવાની રહેશે.
- પી.આઈ.શ્રી. સાઈબર ક્રાઈમ પો.સ્ટે.લુણાવાડા,જી. મહીસાગર નાઓએ બોન્ડ મળી ગયા સબંધી તથા અરજીના કામે હુકમ નુ પાલન થઈ ગયેલ છે તે સંબંધી લેખીત જાણ કોર્ટને કરવાની રહેશે.

આ હુકમ આજરોજ તારીખ– ૦૧ મી માહે એપ્રીલ સને–૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૦૧–૦૪–૨૦૨૬
બાકોર.

**(એ.ડી.પરમાર)**
જયુડી. મેજી.ફ.ક., બાકોર.
(કોડ નં.જી.જે.૦૧૩૫૯)